આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ સિંહ

આજના ગ્રહોની કુંડળી



આજે ચંદ્ર સિંહમાંથી કન્યામાં રાત્રે પાંચ વાગે (સવારે) પ્રવેશ છે. આજે ઉચ્ચનો સૂર્ય અને શુક્ર સ્વગૃહી મંગળ છે. ચાંડાલ યોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ રાશિમાં ઉચ્ચના ગ્રહો તેમજ બારમે શુક્ર તમોને ફેશન - વૈભવ - વીલાસી ખર્ચા કરાવે - ધ્યાન રાખવું - અણધાર્યા સત્પુરુષના સંસર્ગથી આત્મા પ્રબળ બને.

વૃષભ કુંડળીમાં શુક્ર - સૂર્ય ઉચ્ચના ગ્રહો છે - પરદેશથી સારા સમાચાર ચાલે - કુટુંબના સારા સમાચાર મળે - બાળકોની પ્રગતિ જોઈ ખુશ થવાય - જીવનસાથી આનંદમાં રહે.

મિથુન ઉચ્ચના ગ્રહોથી કુંડળીમાં રાજયોગ - વિજયોગ - બાગ્યયોગ થાય છે તેથી દરેક પ્રકારનું કૌટુંબીક અને સાંસારીક સુખ ઉપલબ્ધ થાય તેમ છે.

કર્ક ઉચ્ચના ગ્રહોથી તમારી કુંડળીને રાશિમાં વિજયયોગ થાય છે જે તમોને તમારી કારકિર્દીની ટોચે લઈ જાય. આવનાર સમયમાં તમો રાજ્યનો પદપ્રાપ્તિ યોગ મેળવશો.

સિંહ ગ્રહણ યોગને ચાંડાલયોગની સાથે ગુરુ - ચંદ્રનો ગજકેસરી યોગ તેમજ ઉચ્ચનો સૂર્ય - શુક્રનો યોગ તમારી મુશ્કેલીઓ ઘણી હળવી કરે - આનંદ પ્રાપ્ત થાય.

કન્યા ઉચ્ચનો મીનનો શુક્ર તમારે માટે અતિઉત્તમ રાજયોગ અને વિજયોગ કરે છે. આઠમે ઉચ્ચનો સૂર્ય તમોને પડવા - વાગવા - દાઝવાથી સાચવવાનું સૂચવે છે.

તુલા છઠ્ઠે ઉચ્ચનો શુક્ર અને સાતમે ઉચ્ચનો સૂર્ય આજે તમારે માટે આનંદના સમાચાર લઈને આવનાર ગ્રહો છે. ખુશ થાઓ, ખુશ રહો અને આનંદ પ્રાપ્ત કરો.

વૃશ્ચિક પાંચમે - છઠ્ઠે ઉચ્ચના ગ્રહો તમારે માટે આનંદાયક સમાચાર લઈને ચાલશે. જો તમો કોઈ યુદ્ધ લડતા હશો તો મહાન વિજય યોગ આજે પ્રાપ્ત થશે.

ધન બારમે મંગળ ઝઘડા ઊભા કરાવનાર યોગ છે. પરંતુ ઉચ્ચના શુક્ર અને સૂર્ય તમારે માટે આનંદના સમાચાર લઈને આવનાર ગ્રહો છે.

મકર સ્થાનોની દ્રષ્ટિએ મંગળ - શનિ - શુક્ર - સૂર્ય બધા જ ગ્રહોની ઉત્તમ સ્થિતિના કારણે આજનો દિવસ તમારે માટે આનંદ-મંગળવાળો ઉત્તમ જશે.

કુંભ સાતમા સ્થાનમાં ચાંડાલ યોગના કારણે મિશ્રફળ મળે તેવા યોગ છે આજે તમારી વાણીમાં અપશબ્દો ના ઉચ્ચારાઈ જાય તેનું ધ્યાન રાખશો તો સારું.

મીન રાશિમાં ઉચ્ચનો શુક્ર - બીજે ઉચ્ચનો સૂર્ય બંને સારા ગ્રહો છે તે ઉપરાંત ભાગ્યમાં મંગળ સ્વગૃહી હોવાથી આજે તમારો ભાગ્યોદય પૂર્ણરૂપ ખલેલ છે - ફાયદો થાય.

આરટીઓને.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓ સંકુલમાં ડ્રાઈવીંગ લાઈસન્સ માટે ડ્રાઈવીંગ ટ્રેક આધારિત ટેસ્ટ લેવામાં આવે છે. જયારે લાઈસન્સ માટે પણ ઓન લાઈન એપાઈન્ટમેન્ટના માધ્યમથી અરજદારોનો સમય બચે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આર ટી ઓ કચેરીમાં અરજદારો માટે અધ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવે છે. આમછતા સર્વર ડાઉન થવાની સાથે અન્ય ટેકનિકલ ખામી સર્જાતા નાગરિકોએ પારાવાર હાલાકી વેઠવી પડતી હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. આર ટી ઓ તંત્રએ ગત વર્ષ દરમિયાન તોતિંગ આવક કરી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન આર ટી ઓ કચેરીએ રૂ ૧૧ ૩.૩૭ કરોડની આવક કરી છે. જેમાં વિવિધ ટેક્ષ અન્વયે રૂ ૫ કરોડ અને દંડની આવક અન્વયે રૂ ૫ કરોડ અને પસંદગીના નંબરો અન્વયે રૂ ૧.૩૭ કરોડની આવક આર ટી ઓ તંત્રએ કરી છે. આમ આર ટી ઓ એ ગત વર્ષ દરમિયાન રૂ ૧૧ ૩ કરોડની તોતિંગ આવક કરી હોવાનુ ધ્યાને આવ્યુછે.

તમામ બસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અટકાવી દેવામાં આવી હતી ડેપોના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ગાંધીનગર ડેપોમાં અમદાવાદ સહીત ઉપરના રૂટમાંથી આવતી ૧૨ જેટલી બસોને અટકાવી દેવામાં આવી હતી. જેના પરિણામે અંદાજીત ૬૦૦ જેટલા મુસાફરોએ હાલાકી વેઠવી પડી હતી. ગાંધીનગર ડેપોમાંથી મહેસાણા તરફ જતી બસો અટકાવી દેવાતા મુસાફરોએ ખાનગી વાહનોમાં મહેસાણા જવાનો વારો આવ્યો હતો.

અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

પોતાને હિંદુ લેખતા નહોતા અને ૭ કરોડ દલિતોના એ નેતા લઘુમતી અધિકારો માટે સંઘર્ષરત હતા. પરિનિર્વાણના બે મહિના પહેલાં જ એમણે બૌદ્ધ ધમ્મને અંગીકાર કરવા માટે નાગપુરને પસંદ કર્યું ત્યારે પણ સ્પષ્ટ કર્યું હતું કે એ આરએસએસનું મુખ્યાલય છે માટે નહીં, પણ આર્યોના કટ્ટર શત્રુ નાગ લોકો મુખ્યત્ત્વે બૌદ્ધ ધમ્મનો પ્રચાર કરનાર અને નાગપુર તથા આસપાસના વિસ્તારમાં વસતા હોવાથી એની સ્થળ તરીકે પસંદગી થઈ હતી. સમયાંતરે સંઘ અને ડૉ.આંબેડકરના અનુયાયીઓના વિચારોમાં પરિવર્તન આવતું રહ્યું. બાબાસાહેબના ઘણા અનુયાયી હિંદુ તરીકેની ઓળખ પસંદ કરતા થયા. બૌદ્ધ ધમ્મ અંગીકાર કર્યા પછી પણ જ્યારે ડૉ.આંબેડકરે સામ્યવાદીઓથી ચેતતા રહેવાનું કહ્યા છતાં એમના પૌત્ર એડવોકેટ પ્રકાશ આંબેડકર સહિતના ભારતીય રિપબ્લિકન પાર્ટી - બહુજન મહાસંઘના માધ્યમથી સામ્યવાદી અને માર્કસવાદી પક્ષની સાથે રાજકીય જોડાણ કરે છે. સંઘ ગજગામી ઢબે આગળ વધે છે. એમાં વ્યક્તિપૂજાને સ્થાન નહીં હોવા છતાં રાજકીય પક્ષોમાં વ્યક્તિપૂજા જોવા મળે છે. ડૉ.ભાગવતનું બૌદ્ધિક અનેકોને ટકોર કરનાર રહ્યું.

કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

ઘણા કિસ્સામાં બીન ખેતી થયેલ જમીનના પ્લોટોની અસર રેવન્યુ રેકર્ડમાં પાડવામાં આવેલ ના હોય તેવા સંજોગોમાં મીલ્કત લે વેચ કરતા લોન મેળવવા માટે પ્રોપર્ટી કાર્ડ વગર મીલ્કત વેચાણ લેનારને ઘણી જ મુશ્કેલી પડતી જે હવે સરળતા રહેશે તેમજ બેન્કો પણ પ્રોપર્ટી કાર્ડ ઉપરથી મીલ્કતની આકારણી કરી લોન મંજુર કરી શકશે. સોલીસીટર એડવોકેટને પણ આવી મીલ્કતના ટાઈટલ કિલયર સર્ટી ઈસ્યુ કરવામાં સરળતા રહેશે જેનાથી બીન ખેતીના પ્લોટના ખરીદ વેચાણમાં વેગ આવશે અને વેચનારને પોતાની મીલ્કતના યોગ્ય બજાર ભાવ મળી શકશે.

ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ

ગુડ મોર્નિંગ... હેપ્પી મન્ડે... આખુ અઠવાડિયું પસતીમાં નાખીને આજની સવાર ઊગી છે... મન હોય કે ના હોય, પણ કામે તો વળગવું જ પડે ને... નવા સમયને આમ જ પિંડલુ વાળીને પડ્યો રહેવા ના દેવાય... ચાલો, નવા સાત ખનખનતા દિવસો ખોલીએ, નવી ઊર્જા ઉજાગર કરીએ. આળશ ખંખેરીને અબઘડી ઉભા થઈએ... તાજગીસભર સપ્તાહની શરૂઆત કરીએ... મન દઈને મંડી પડીએ... મન-ડે મનાવીએ..!

સરકારની નીતિના લીધે આંદોલન હિંસામાં હોમાઈ ગયું : શંકરસિંહ

અમદાવાદ, તા.૧૭

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ મહેસાણામાં હિંસક બનેલ પાટીદાર આંદોલન વિશે આજરોજ તીવ્ર પ્રત્યાઘાત આપતાં જણાવ્યું હતું કે મહેસાણાનું પાટીદારનું પાટીદાર આંદોલન એ ભાજપની આંતરિક જુથબંધી અને સરકારની અણઘડ નીતિને કારણે હિંસામાં હોમાયું છે. હું આ તમામ પાટીદાર સમાજ તેમજ અન્ય આગેવાનોને વિનંતી કરું છું કે, આવા પ્રસંગે શાંતિ રાખવી જોઈએ. શાંતિથી આંદોલન થાય તો રાજયની શાંતિ ડહોળાય નહીં જેલભરો આંદોલનની જાહેરાત એ જાહેર વસ્તુ હતી, રાતોરાતો તો આવુ કાંઈ બન્યું નથી. આંદોલનકારીઓ જાહેરમાં અમે જેલભરો કરીશું એવી જાહેરાત કરેલી ત્યારે સરકારે જેલો, કમ્પાઉન્ડો કે જેમાં ૫૦-૬૦ હજાર વ્યક્તિઓ સમાવી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. પરવાનગી આપી નથી તેવી ટેકનીકલ બાબતમાં પડ્યા સિવાય સરકારે આંદોલનકારીઓ માટે વ્યવસ્થા કરવી જોઈએ. કારણે કે, અંગ્રેજો વખતે કોઈ પરવાનગી આપતું નહોતું એટલે સરકારે પરવાનગી આપી નથી એવી ખોટી ટેકનાલીટીમાંથી બહાર આવી જવું જોઈએ. સરકાર એવું કહે કે, આંદોલન થયા કે એ વ્યાજબી નથી કારણ કે, મહેસાણાની આ હિંસામાં ૨૫ કરતાં પણ વધુ લોકો ઘવાયા છે. ટીયરગેસ છોડવા પડ્યા અને લાઠીચાર્જ પણ કરવો પડ્યો અને કરફયુમુક્ત ગુજરાત એવી ડંફાશ મારનારી ભાજપ સરકારે તેની અણઆવડતા કારણે કરફ્યુ પણ નાંખવો પડ્યો. પાટીદાર સમાજને એમની માંગણીઓ હતી તેના માટે વારંવાર લોલીપોપ આપીને આજકાલ સમાધાન અને ખોટા આગેવાનો સાથે બેઠકો કરી સરકાર આ સમાજ કઈ રીતે હેરાન થાય તેવા પ્રયત્નોમાં આગળ વધી રહી છે અને તેના પરિણામે આ સમાજ છેલ્લા પાટલે બેસી નહીં, અમે જેલભરો આંદોલન કરીશું અને એમને હિંસામાં હોમી દેવા અને સરકારને લો એન્ડ ઓર્ડરની કંટ્રોલની નીતિ વિરુધ્ધ જવું એ વ્યાજબી નથી. જો સરકાર શાંતિ ઈચ્છતી હોય અને સમાધાન કરવા માંગતી હોય તો આ સમાજના યુવાનો ઉપર રાજદ્રોહના ગુનાઓ લગાવી જેલ હવાલે કરી દીધા છે. તેમને સુઓમોટો કેસો પાછા ખેંચી છોડી દેવા જોઈએ. હાઈકોર્ટમાં જઈ સરકારે કહેવું જોઈએ કે, અમારે કાંઈ કહેવાનું નથી.

પાટીદાર આંદોલનની સાથે સાથે...

- પાટીદાર અનામતને લઈને જેલ ભરો આંદોલન હિંસક બન્યું
- સુરત, મહેસાણા અને અન્ય કેટલાક વિસ્તારોમાં વ્યાપક તોડફોડ કરવામાં આવી
- મહેસાણામાં વ્યાપક હિંસા બાદ સંચારબંધી લાદવાની ફરજ પડી
- સમગ્ર મહેસાણામાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી
- મહેસાણા, સુરત અને અન્યત્ર તમામ સંવેદનશીલ વિસ્તારોમાં પૂરતી સંખ્યામાં પોલીસકાફલો તૈનાત
- સુરતમાં જેલ ભરો આંદોલન દરમિયાન પાટીદારોએ પોલીસ વાન પર પહોંચી જઈને ધરપકડ વહોરી
- સ્થિતિ વિસ્ફોટક બનતા ઘણી જગ્યાએ પોલીસને લાઠીચાર્જ કરવાની, હવામાં ગોળીબાર કરવાની અને પાણીનો મારો ચલાવવાની ફરજ પડી
- લાઠીચાર્જમાં કેટલાક પાટીદાર લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ મળ્યા
- પાટીદારોએ પણ હિંસક વલણ અપનાવીને જેલ ભરોની મંજૂરી નહીં હોવા છતાં આંદોલન કર્યું
- પાટીદારોને શાંત પાડવા તમામ પ્રયાસ કર્યા હોવા છતાં સ્થિતિ થાળે ન પડતા લાઠીચાર્જ કરવાની ફરજ પડી
- જેલ ભરો આંદોલનમાં પોલીસવાનમાં જગ્યા ઓછી પડતા સુરતમાં પાટીદારો વાન પર ચડી ગયાઁ
- વરાછા મેઈન રોડ પર સવારથી જ પાટીદારો ઊમટી પડ્યા
- મોબાઈલ-ઈન્ટરનેટ સેવા જુદા જુદા વિસ્તારોમાં બંધ કરવાની ફરજ પડી
- ૯ મહિનાના લાંબા ગાળા બાદ પાટીદારો ફરી હિંસક બન્યા, ગુજરાતમાં સ્થિતિ વણસી ગઈ
- અમદાવાદ, સુરત, વિસનગર સહિતના શહેરોમાં હિંસાની અસર રહી
- અમદાવાદના વસ્ત્રાલ અને નિકોલ વિસ્તારમાં તોડફોડ કરવામાં આવી
- અમદાવાદમાં મેટ્રો રેલ પ્રોજેક્ટમાં પણ તોડફોડ કરવામાં આવી
- સુરત, મહેસાણામાં પણ બસ સેવા બંધ કરવાની ફરજ પડી
- મહેસાણામાં પાટીદારોએ પોલીસ પર પથ્થરમારો કર્યો જેમાં સ્થિતિ વણસી જતાં એસપીજીના આગેવાન લાલજી પટેલને પણ ઈજા થઈ
- મોબાઈલ-ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવતા લોકોને મુશ્કેલી પડી
- સમગ્ર ઉત્તર ગુજરાતમાં એસટી સેવા બંધ કરવાની ફરજ પડી
- અમદાવાદ-મહેસાણા હાઈવે પર ચક્કાજામની સ્થિતિ સર્જવામાં આવી
- મહેસાણામાં વિવિધ જગ્યાઓ પર આગ ચાંપવાના બનાવો બન્યા
- રાજ્ય સરકારે શાંતિ જાળવી રાખવા તમામ લોકોને અપીલ કરી
- લાલજી પટેલ પોલીસના લાઠીચાર્જથી ઘાયલ થયા નથી તેવી રેન્જ આઈજી દ્વારા સ્પષ્ટતા કરાઈ
- અમદાવાદમાં ઘાટલોડિયા, બાપુનગર, વસ્ત્રાલ, નિકોલ સહિતના વિસ્તારમાં પાટીદારો રસ્તા પર
- ભરૂચ હાઈવે પર પર એલર્ટની જાહેરાત કરવામાં આવી
- પોલીસે સ્થિતિને કાબુમાં લેવા ટિયરગેસના સેલ છોડ્યા
- લાલજી પટેલ પર થયેલા હુમલાથી પાટીદારોમાં નારાજગી ફેલાઈ
- પોલીસને મોટી સંખ્યામાં ટીયરગેસના સેલ છોડવા પડ્યા
- એસઆરપીની ટુકડીઓને પણ ઉતારવામાં આવી
- સુરતમાં પાંચથી વધુ જગ્યાએ જેલ ભરો આંદોલન કરવામાં આવ્યું
- ટોળાની સામે પોલીસનો કાફલો ઓછો પડ્યો હોવાની ચર્ચા
- પાટીદાર અગ્રણીઓ જેલ ભરોમાં જોડાયા
- કોંગ્રેસી કાર્યકરો અને ટોપના નેતાઓએ ભાજપ સરકારની નીતિઓ સામે પ્રશ્નો ઊઠાવ્યા
- અમદાવાદમાં મોબાઈલ-ઈન્ટરનેટ સેવા આવતીકાલ સુધી બંધ કરાઈ
- ગૃહપ્રધાન રજની પટેલની ઓફિસમાં તોડફોડ કરવામાં આવી
- મુખ્ય સચિવ દ્વારા ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવવામાં આવી
- તમામ લોકોને અફવાથી દૂર રહેવા અપીલ કરવામાં આવી
- અમદાવાદની બસોને પણ ઘણી જગ્યાએ રોકવામાં આવી
- વિસનગરમાં બસ સળગાવવામાં આવી
- રાજ્યભરની પોલીસને સ્ટેન્ડ ટુ રહેવા માટેના આદેશ જારી કરવામાં આવ્યા
- અમદાવાદમાં વસ્ત્રાલ, પાંજરાપોળ વિસ્તારમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત
- કોંગ્રેસ પ્રવક્તા શક્તિસિંહે શાંતિ જાળવવા લોકોને અપીલ કરી
- અમદાવાદ-મહેસાણા હાઈવે પર પણ ચક્કાજામની સ્થિતિ
- સુરતમાં સેંકડો પાટીદારની અટકાયત કરવામાં આવી
- મોઢેરા પોલીસચોકીને સળગાવવાના પ્રયાસ કરવામાં આવ્યા
- પોલીસના લાઠીચાર્જમાં અનેક લોકો ઘાયલ થયા
- મહેસાણાના વિસનગરમાં ૩ બસો સળગાવવામાં આવી
- મહેસાણામાં સેંકડો ટીયરગેસના સેલ છોડવામાં આવ્યા
- નીતિન પટેલ અને એમઓએસના આવાસ પર પાટીદારો દ્વારા તોડફોડ કરવામાં આવી
- રાજ્યના ગૃહમંત્રી રજનીકાંત પટેલના આવાસ પર સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી
- ગુજરાતમાં અમદાવાદમાં ઓગસ્ટ રેલી બાદ બીજી વખત મોટાપાયે હિંસા ભડકી

થુરાવાસમાં વિજ કરંટ લાગતા વિજકર્મીનું મોત

હિંમતનગર, તા. ૧૭

વડાલી તાલુકાના થુરાવાસ ગામે શનિવારે ખેતી વિષયક વિજ લાઈનનું સમારકામ કરી રહેલા ઉત્તર ગુજરાત વિજ કંપનીના બે કર્મચારીઓને વિજ કરંટ લાગતા તેઓ વિજપોલ પરથી જમીન પર પટકાયા હતા. જ્યાં એક કર્મચારીનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક કર્મચારીને ઈજા થતા તેને સારવાર માટે વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લવાયા હતા.

આ અંગેની વિગત એવી છે કે ઉત્તર ગુજરાત વિજ કંપનીની વડાલી કચેરીમાં ફરજ બજાવતા જયંતિભાઈ ચેનાભાઈ તરાર (રહે. ધરોદ, તા. વડાલી), ગગજીભાઈ ભીખાભાઈ ઠાકરડા (રહે. થેરાસણા, તા. વડાલી) અને કનુભાઈ એ. અસારી શનિવારે બપોરે થુરાવાસ ગામે ખેતી વિષયક એલ.ટી. વિજ લાઈનનું સમારકામ કરી રહ્યા હતા. જો કે વિજ પુરવઠો અગાઉથી જ બંધ કરી દેવાયો હતો. દરમિયાન સમારકામ માટે બે વિજપોલ પર ચઢેલા ગગજીભાઈ અને જયંતિભાઈને વિજ પ્રવાહ ચાલુ થઈ જતા બંનેને વિજ કરંટનો જોરદાર ઝટકો લાગ્યો હતો. જેથી બંને જણા જમીન પર પટકાયા હતા.

જ્યાં ગંભીર ઈજા થવાને કારણે ગગજીભાઈ ઠાકરડાનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જો કે વિજ કરંટ લાગવાથી જયંતિભાઈ તરારને હાથે ઈજા થતા સારવાર માટે વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લવાયા હતા. જ્યાં ફરજ પરના ડૉ. પ્રદિપ ગઢવી દ્વારા સારવાર આપવામાં આવી હતી. અચાનક બનેલી ઘટના અંગે વડાલી વિજ કંપનીની કચેરીમાં ખબર પડતા અધિકારી અને કર્મચારીઓ દોડી આવ્યા હતા. ઘટના અંગે વડાલી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રજાજનોને શાંતિ જાળવવા માટે રૂપાણીએ અપીલ કરી

અમદાવાદ, તા.૧૬

પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીએ આજરોજ મહેસાણા ખાતે પાટીદારોનાં કાર્યક્રમ સંબંધીત ઊભી થયેલી પરિસ્થિતિ અંગે રાજયનાં પ્રજાજનોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, રાજયમાં શાંતિ જળવાઈ તે માટે ધૈર્ય રાખવા જણાવ્યું હતું. ઉશ્કેરાટમાં આવીને રાજયમાં અનિશ્ચિત બનાવ ન બને તે જોવાં સૌને વિનંતી કરી હતી. આ પરિસ્થિતિમાં સૌને સંયમ રાખીને, અફવાઓથી પ્રેરાવવું નહી તેમજ પરિસ્થિતિ પૂર્વવત બને તે માટે સહકાર આપવા અપીલ કરી હતી. રૂપાણીએ ઉમેર્યું હતું કે, લોકશાહીમાં કોઈપણ આંદોલન કરી શકે છે પણ આંદોલન હિંસક ન થાય તે જોવાની સહુની જવાબદારી છે.

પોલીસને પણ સંયમ જાળવવાની અને બિનજરૂરી ઉશ્કેરાટ ન ફેલાય તે રીતે કામગીરી કરવા જણાવ્યું હતું. પ્રદેશ પ્રવકતા ભરતભાઈ પંડ્યાએ સૌ લોકોને શાંતિ જાળવવા અપીલ કરતાં કહ્યું હતું કે, વાટાઘાટોથી દરેક પ્રશ્નનું સમાધાન મળતું હોય છે. શાંતિ પ્રિય ગુજરાતની શાંતિ, અહિસા અને વિકાસની છબીને આપણે જાળવી રાખીએ તેવી નમ્ર અપીલ કરી હતી. પ્રવક્તા ભરત પંડ્યાએ લોકોને શાંતિ રાખવા નમ્ર અપીલ કરી હતી અને પોલીસને પણ ઉશ્કેરાટ વગર સંયમિત કામગીરી કરીને સ્નેહ, શાંતિનું વાતાવરણ ઊભું થાય તે માટે મદદરૂપ બનવા અપીલ કરી હતી. સમસ્યા માટે સમજણ સાથે સમાધાન તરફ જવાની જરૂર છે. સમાધાનથી શાંતિ અને પ્રગતિ થતી હોય છે.

બંધનું એલાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થનાર છે. પાટીદાર શાંતિ જાળવી રાખે તે જરૂરી છે. સરકારના પ્રવક્તા નીતિન પટેલે પણ શાંતિ જાળવી રાખવા અપીલ કરી છે. આજની હિંસામાં રાષ્ટ્રવિરોધી તત્વોનો હાથ હોવાનો આક્ષેપ પણ કરવામાં આવી રહ્યો છે. દરમિયાન નીતિન પટેલના આવાસ પર ટોળા દ્વારા તોડફોડ કરવામાં આવી હતી. મહેસાણા અને સુરતમાં વધારાનો કાફલો મોકલવામાં આવ્યો છે. રાજ્યના ગૃહમંત્રી રજનીકાંત પટેલના આવાસ પર પોલીસ સુરક્ષા વધારવામાં આવી છે. જેલ ભરો આંદોલનને મંજૂરી ન હોવા છતાં આજે આયોજન કરાતાં સ્થિતિ ફરીવાર વણસી ગઈ હતી અને હિંસાની શરૂઆત થઈ હતી.

હોબાળો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૨માં આવેલ કોંગ્રેસના મંડપને દૂર કર્યો હતો. આ પછી સે-૪માંથી પણ મંડપ દૂર કર્યો હતો.

શહેરમાં જાહેરસ્થાનો પર પૂર્વ મંજુરી વગર આવા પ્રચાર મંડપો હશે તો તે દૂર કરાશે તેમાં કોઈ જ પક્ષાપક્ષી નહિ રખાય તેમ નોડલ ઓફિસર શ્રી પાડલિયાએ જણાવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે આચાર સંહિતાનો અસરકારક અમલ થશે અને કોઈને પણ બક્ષવામાં આવશે નહિ. જો તાકીદ પછી પણ મંડપો દૂર નહિ કરાય તો તેની વિડીયોગ્રાફી કરી પોલિસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરની ચૂંટણીમાં મતદાનને આડે હવે એક સપ્તાહ બાકી છે. તંત્રની હરકતને લઈ શહેરની રાજકીય ઉત્તેજના ચરમ સીમાએ પહોંચી છે.

ભારેલો અગ્નિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લેવાયા હતા. અનેક રૂટો પરની બસને ડાયવર્ટ કરવામાં આવી હતી. મહેસાણામાં પાટીદારો દ્વારા આજે આપવામાં આવેલા જેલ ભરો આંદોલન સમયે જ પરિસ્થિતિ પલટાતા મહેસાણામાં ઉભી થયેલી પરિસ્થિતિના પગલે રાજય પરિવહન નિગમ અને અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસને તેની બસો બંધ કરવા નિર્ણય લેવો પડ્યો છે. દરમ્યાન મળતી માહિતી મુજબ અમદાવાદથી ઉત્તર ગુજરાત તરફ જતી એસટી બસોને અમદાવાદમાં જ અટકાવાઈ દેવાઈ છે. જ્યારે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટમાં પણ વીફરેલા ટોળા દ્વારા તોડફોડ કરવામાં આવી છે. આ અંગે મળતી વિગતો મુજબ આજે મહેસાણામાં જેલ ભરો આંદોલન દરમ્યાન પાટીદારો હિંસક બન્યા હતા. આ દરમ્યાન પોલીસ અને પાટીદારો આમ ને સામને આવી જતા પરિસ્થિતિ તંગ બની હતી એટલુ જ નહી પરંતુ અમદાવાદ સહિત સમગ્ર રાજયમાં તેની અસરને પગલે પાટીદારો રસ્તા ઉપર ઉતરી આવતા એસટી બસો ઉપરાંત એએમટીએસની બસો અને મેટ્રો રેલ પ્રોજેક્ટમાં પણ મોટા પાયે તોડફોડ કરવામાં આવી છે. રાજય એસટી પરિવહન નિગમ દ્વારા ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફ જતી વિવિધ રૂટોની અંદાજે ૨૦૦ જેટલી બસોને જે તે સ્થળે અટકાવી દેવામાં આવી છે. રાજય પરિવહન નિગમ દ્વારા જે ડ્રાઈવરો પોતાની બસ લઈ રૂટ ઉપર નીકળી ગયા છે તેમને જે તે ડેપો ઉપર રાત્રે રોકાણ કરવા જાણવવાયુ છે. બીજી તરફ અમદાવાદની વાત કરવામાં આવે તો અમદાવાદ શહેરમાં વસ્ત્રાલ, નિકોલ, રાણીપ અને ઘાટલોડિયા વિસ્તારમાં જે રીતે પાટીદારો રસ્તા ઉપર ઉતરી આવ્યા અને ઘાટલોડિયા વિસ્તારમાં ૩ બસોના કાચ તોડી તેમાં તોડફોડ કરવામાં આવી તેને લઈને કુલ ૧૯ રૂટોની ૧૨૫ બસોને ડાઈવર્ટ કરવામાં આવી છે.

આંદોલન હિંસક બન્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુરક્ષા પણ તમામ જગ્યાએ વધારી દેવામાં આવી છે. પાટીદાર આંદોલનકારીઓને અલગ પાડવા ટીયરગેસના સેલ છોડવામાં આવ્યા હતા. મહેસાણા અને મોઢેરા ખાતેની જેલમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. હાર્દિક પટેલના પિતા ભરત પટેલે મોઢેરા રોડ પર પહોંચીને જેલ ભરો ચળવળને ટેકો આપ્યો હતો. પાટીદાર અનામત માટે લઈને હિંસાને લઈને તમામ સમુદાયમાં આજે આને લઈને ચર્ચા રહી હતી. મહેસાણામાં કર્ફયુ લાદવામાં આવ્યા બાદ સ્થિતિ ધીમે ધીમે શાંત પડી રહી છે. લાલજી પટેલ સામે પણ સરકાર પગલા લેવા વિચારી રહી છે. આજે મહેસાણા ખાતે જેલ ભરો કાર્યક્રમ દરમિયાન હજારો પાટીદારો ભેગા થયા હતા. લાલજી પટેલે જણાવ્યું હતું કે, અનેક બેઠકો અને પ્રયાસો છતાં સરકાર અનામત આપવા તૈયાર દેખાઈ રહી નથી. મહેસાણામાં જેલ ભરો આંદોલન વેળા સ્થિતિ વણસી જતાં તંત્ર સાવધાન થઈ ગયું છે. જનજીવનખોરવાઈ પડ્યું છે. મહેસાણા, કડી, અમરેલી, નવસારી, સુરતમાં જેલ ભરો આંદોલનનું આયોજન કરાયું હતું. મોટી સંખ્યામાં તેમને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. સુરતમાં પણ જેલ ભરો આંદોલનનું આયોજન કરાયું હતું. માનગઢ ચોક ખાતે સરદાર પટેલની પ્રતિમાને હારતોરા કરીને પાટીદારો જેલ ભરો આંદોલનમાં ઊમટી પડ્યા હતા. જેલ તરફ પાટીદારોએ આગેકૂચ કરતાં મામલો બિચક્યો હતો. બીજીબાજુ પાટીદારોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. આવતીકાલે પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા ગુજરાત બંધની હાકલ કરવામાં આવી છે. ગુજરાત બંધની હાકલને ધ્યાનમાં લઈને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી રહી છે. પોલીસ વાહનોની હવા કાઢવાના પ્રયાસ કરાયા હતા. પથ્થરમારો કરવામાં આવ્યો હતો.